# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)


સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૭/ તા. ૦૩/૧૦/૨૦૧૭

પરિપત્ર- 355

આથી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એસસી., બી.એ., બી.કોમ., બી.સી.એ., બી.બી.એ. બી.એસ.ડબ્લ્યુ., બી.એસ.સી.(નર્સિંગ), બી.એચ.એમ.એસ. અને બી.પી.ટી. અભ્યાસક્રમ ચલાવતી તમામ કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે ધો.૧૨ પછીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માં પ્રવેશ મેળવનાર અને ધો.૧૨ વર્ષ-૨૦૧૭ અગાઉ પસાર કરેલ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ પણ રૂ.૧૦૦૦/- નાં ટોકન દરે NAMO e-Tab ટેબલેટ મેળવવા માંગતા હોય તે વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને પાસેથી તા.૧૪/૧૦/૨૦૧૭ સુધી ટોકન ફી ઉઘરાવી અને ટોકન ફી ભરનાર વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓનું રજીસ્ટ્રેશન ડીજીટલ ગુજરાતની વેબસાઈટ http://www.digitalgujarat.gov.in પર ફરજીયાત કરવા અને ઓનલાઈન કરેલ રજીસ્ટ્રેશનની પ્રિન્ટ આચાર્યશ્રીનાં સહી સિક્કા સાથે તા.૧૫/૧૦/૨૦૧૭ નાં રોજ સાંજે ૦૫.૦૦ કલાક સુધીમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, સરકારી પોલીટેકનીક કેમ્પસ, ગદુકપુર, ગોધરા ખાતે રૂબરૂમાં હાર્ડકોપી અને સોફ્ટકોપી સ્વરૂપે પહોચાડવા જણાવવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે રાજ્ય સરકારની આ યોજનાનો લાભ ધો.૧૨ પછીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓ લઇ શકે તેવા પ્રયત્નો કરવા અને આ અંગેની જરૂરી જાણકારી વિદ્યાર્થીઓને મળે તે પ્રકારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા

પ્રતિ.

- યુનિવર્સિટી સંલગ્ન બી.એસસી., બી.એ., બી.કોમ., બી.સી.એ., બી.બી.એ. અને બી.એસ.ડબ્લ્યુ. બી.એસ.સી.(નર્સિંગ), બી.એચ.એમ.એસ. અને બી.પી.ટી. અભ્યાસક્રમ ચલાવતી તમામ કૉલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના:

- અગ્રસચિવશ્રી, (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, નવા સચિવાલય ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, બ્લોક નં. ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, (ઉચ્ચ શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, નવા સચિવાલય ગાંધીનગર
- એડવાઇઝરશ્રી, કે.સી.જી., પ્રજ્ઞા પુરમ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ પાસે, નવરંગપુરા, અમદાવાદ.